
# ગેરકાયદેસર કટીંગ કરેલા લાકડા ભરેલી ટ્રક ઝડપાઈ

મોડાસા, તા. ૪

મેઘરજ મુન્શીવાડા વિસ્તારમાંથી ગેરકાયદેસર રીતે લીલા વૃક્ષોનું છેદન કરી લાકડા ભરેલી ટ્રક ઝડપી પાડવામાં આવી છે. જાગૃત નાગરિક દ્વારા બાતમી મળતા આર.એફ.ઓ. એ બાતમીના આધારે વોચ ગોઠવી લાકડા ભરેલી ટ્રક ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે.



(તસવીર : નિરવકુમાર સુથાર, મોડાસા)

મેઘરજમાં ગેરકાયદેસર લાકડુ કાપી બારોબાર વેચી મારવાની પ્રવૃત્તિ કરતી ટોળકીઓ ફુલીફાલી છે. મેઘરજ આર.એફ.ઓ. ને જાગૃત નાગરિક દ્વારા બાતમી આપવામાં આવી હતી. જેના આધારે આજે આર.એફ.ઓ. આર.ટી. ડામોર તેમની ટીમ સાથે ગોઠવાઈ ગયા હતા.

મુન્શીવાડા નજીક પંચાલ રોડ પર પસાર થતી ટ્રક નં. જીજે-૧૨-યુ-૯૮૪૮ની તપાસ કરવામાં આવી હતી. ટ્રક સંપૂર્ણ રીતે તાડપત્રી દ્વારા ઢાંકવામાં આવી હતી. તાડપત્રી હટાવતા ટ્રકમાં લીલા લાકડા ભરેલા જોવા મળ્યા હતા. ત્યારે લાકડા ચોરતી ટોળકીનો કીમિયો કારગત નિવડ્યો ન હતો.

મેઘરજમાં આવી તો કેટલીય ટ્રકો વન વિભાગની રહેમનજર હેઠળ ચાલે છે. આતો ફક્ત પ્યાદુ છે. હજુ તો આવા કેટલાય માધાતાઓ બે રોકટોક લાકડુ ચોરી જાય છે. રાત્રીના સમયે મેઘરજથી અમદાવાદ ખાતે લાકડાનો જથ્થો ભરેલી ટ્રકોનું આવનજાવન ચાલુ જ હોય છે. તેવી ચર્ચાઓ શહેરમાં થવા પામી છે. ત્યારે જોવાનું એ રહે છે કે લોકો ચર્ચા કરે છે કે નાગરિકોને ટ્રકો દેખાય છે તો વન વિભાગને કેમ નહિ ?

## પાલનપુરના લક્ષ્મણ ટેકરી પાસે તૈયાર થયેલ વ્યાખ્યાન હોલનું નામાભિધાન કરવા માંગ

પાલનપુર, તા. ૪

પાલનપુરના ગૌભક્ત સ્વ. શંભુ મહારાજના નિષ્ઠાભર્યા પ્રયાસોથી નિર્માણ પામેલ વ્યાખ્યાન હોલને ગૌભક્ત શંભુ મહારાજ વ્યાખ્યાન હોલનું નામાભિધાન કરી સાચી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવે તેવી માંગ પાલનપુરના અગ્રણી ગણપતભાઈ જોષી એ કરી છે.

પાલનપુરના માનસરોવર રોડ લક્ષ્મણ ટેકરી ખાતે આવેલ વ્યાખ્યાન હોલ સ્વ. ગૌભક્ત શંભુ મહારાજના નિષ્ઠાભર્યા પ્રયાસોથી તેમજ પાલનપુર શહેરના તત્કાલિન નિષ્ઠાવાન સમાજના અગ્રણીઓ દ્વારા હાથ ધરાયેલ પ્રયાસોથી આ વ્યાખ્યાન હોલનું નિર્માણ કરવામાં આવ્યું છે. પરંતુ વ્યાખ્યાન હોલ ઉપર ગૌભક્ત શંભુ મહારાજ વ્યાખ્યાન હોલ નામ લાવવા અનેકવાર મૌખિક રજૂઆત કર્યા છતા આ બાબતે કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી ત્યારે પાલનપુર શહેરના અગ્રણી ગણપતભાઈ જોષીએ વ્યાખ્યાન હોલનું નામાભિધાન થાય તે અંગે સત્વરે નિર્ણય લેવામાં આવે તેવી પત્ર લખી રજૂઆત કરી છે.

# માર્શલ આર્ટમાં પ્રાંતિજ તાલુકાના બે વિદ્યાર્થીઓએ ગોલ્ડ મેડલ મેળવ્યો

પ્રાંતિજ,તા. ૪

તાજેતરમાં એસ.જી.વી.પી. ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ધ ફર્સ્ટ ઈન્ટર સ્કૂલ માર્શલ આર્ટ ચેમ્પિયનશીપ યોજાઈ હતી. જેમાં ગુજરાતની અલગ અલગ શાળાઓમાંથી ૨૦૦ બાળકોએ ભાગ લીધો હતો. જેમાં સાબરકાંઠામાંથી કુલ ૬ બાળકો સિલેક્ટ થયા હતા. જેમાં પ્રાંતિજ તાલુકાના ૨ બાળકોએ ફાઈટમાં ગોલ્ડ મેડલ જીતી તાલુકા તેમજ જિલ્લાનું ગૌરવ વધાર્યુ હતુ. ચેમ્પિયનશીપમાં ભાગ લેનાર ક્રિસ્ટલ પબ્લિક સ્કૂલનો સોની આરવ જે. ચેમ્પિયનશીપમાં સૌથી નાની વયે ભાગ લેનાર અને નાની વયે ગોલ્ડ મેડલ જીતનાર પ્રથમ ચેમ્પિયનશીપલમાં ખેલાડી હતો. સોની આરવ ફક્ત ૪ વર્ષની વયે આ સિદ્ધિ હાંસલ કરી છે. જે તાલુકા અને જિલ્લા માટે ગૌરવની વાત છે. તેમજ પલ્લાચર પ્રાથમિક શાળામાં ભણતો જે મૂળ મોરવાડ ગામનો રહેવાસી છે. પરમાર આવિષ્કાર મુકેશભાઈ પણ ફાઈટમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. ગામડામાં ભણતો આ વિદ્યાર્થી સખત મહેનત કરી આ મેડલ જીત્યો છે. પલ્લાચર પ્રાથમિક શાળાના પ્રિન્સિપાલ જશોદાબેન દ્વારા શાળામાં આવિષ્કારનું સન્માન કરવામાં આવ્યું હતું. ગામના સરપંચશ્રી વિરભદ્રસિંહએ પણ હાજરી આપી તેનું મનોબળ વધાર્યું હતું. ક્રિસ્ટલ પબ્લિક સ્કૂલના પ્રિન્સીપલ ભામિનીબેન શેઠ જણાવે કે શાળામાં આવતા કોચ હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ બાળકોને માર્શલ આર્ટસમાં ધનાટ્ય તાલીમ આપી તેમજ તેમણે આગળ વધારવા સતત ઉત્સુક રહે છે. ચેમ્પિયનશીપમાં કોચ તરીકે દશરથ મેહરા અને ટીમ મેનેજર તરીકે હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટે હાજરી આપી હતી. સાબરકાંઠાના ૬ બાળકો પૈકી ૫ બાળકો ગોલ્ડ મેડલ અને ૧ બાળક સિલ્વર મેડલ જીત્યા હતા.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)



દેશમાં અને રાજ્યમાં ભ્રષ્ટાચારનું દૂષણ એટલું ફેલાયું છે કે સામાન્ય માણસ આ દૂષણથી દાઝી રહ્યો છે. આ દૂષણને દૂર કરવા માટે આજે ભારતીય કિસાન પ્રાંતિજ દ્વારા ભ્રષ્ટાચાર મુક્તિ અભિયાન હેઠળ મામલતદાર, પ્રાંત ઓફિસ, પોલીસ સ્ટેશન, તાલુકા વિકાસ અધિકારી, સબ રજીસ્ટ્રાર કચેરી સહિતની કચેરીઓમાં સામુહિક આવેદન પત્રો આપવામાં આવ્યા હતા. ત્યારે લોકચર્ચા પણ ચાલી હતી કે ઉધઈની માફક ફેલાયેલો ભ્રષ્ટાચાર દૂર કરવા અધિકારીઓનો માહ્યલ્યો માનશે ? (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## માલપુરના મેવડા ખાતે ખેડૂત મહિલા તાલીમ શિબિર યોજાઈ

ખેડબ્રહ્મા, તા.૪

ખેડબ્રહ્મા સ્થિત ખેડૂત તાલીમ કેન્દ્રમાં ચાલતી 'મહિલા કૃષિ કૌશલ્ય વિકાસ તાલીમ' યોજના અંતર્ગત માલપુર તાલુકાના મેવડા ગામે તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ શિબિરમાં ખેડૂત તાલીમ કેન્દ્ર ખેડબ્રહ્માના નાયબ ખેતી નિયામક વી.કે. પટેલ, બી.ટી.એમ. બી.એ. સુતરીયા તથા કે.એચ. પટેલ દ્વારા મહિલાઓને તાલીમનું મહત્વ સમજાવવા તથા કૃષિ, પશુપાલન, ગૃહ વિજ્ઞાન વગેરે પ્રશ્નોના સમાધાન અર્થે માહિતી આપવામાં આવી હતી. આગામી સમયમાં આ શિબિર દરમિયાન કુલ ૩૦ મહિલાઓને તાલીમ કેન્દ્ર ખાતે ચાર દિવસીય તાલીમ આપવામાં આવશે.

## એક હજાર કિલો ગૌમાંસના જથ્થાની સાથે બેની ધરપકડ

રાજ્યમાં ગૌમાંસની કલતનો સિલસીલો યથાવત રહ્યો છે ત્યારે સરકારની નિષ્ક્રિયતાના કારણે કસાઈઓ બેખૌફ બનીને ખુલ્લેઆમ ગૌવંશને મોતને ઘાટ ઉતારી રહ્યા છે ત્યારે આજે વહેલી સવારે રામોલ પોલીસે બાતમીના આધારે બરોડા એક્સપ્રેસ હાઈવે પરથી અંદાજે એક હજાર કિલોથી વધુ ગૌમાસ ભરેલા ટ્રક સહિત બે ઈસમોની ધરપકડ કરી છે.જીવદયા પ્રેમીઓને બાતમી મળી હતી કે, પંચમહાલ જિલ્લાના ગોધરા તરફથી આવતી ટ્રકમાં ગૌમાંસનો જથ્થો શહેરમાં ઘુસાડવામાં આવવાનો છે. આ બાતમીના આધારે જીવદયા પ્રેમીઓએ વડોદરા એક્સપ્રેસ-વે ઉપર વોચ ગોઠવી હતી. તે દરમ્યાન સવારે એક શકાસ્પંદ ટ્રકને રોકીને તપાસ હાથ ધરતાં તેમાંથી એક હજારથી પણ વધુ ગૌમાંસનો જથ્થો મળી આવ્યો હતો.

# કતપુર નજીક અકસ્માતમાં બે મહિલાના કરૂણ મોત

પ્રાંતિજ, તા.૪

નેશનલ હાઈવે નં. ૮ પર આવેલ કતપુર ટોલનાકા પાસે ગત મોડી સાંજે બોલેરો કારના ચાલકે સ્ટેઅરીંગ પરનો કાબુ ગુમાવતા ગમખ્વાર અકસ્માત થવા પામ્યો હતો. જેમાં મુસાફરી કરી રહેલા બે મહિલાઓના ઘટના સ્થળે મોત નિપજયા હતા. તેમજ ચાલક અને અન્ય એક વ્યકિતને ઈજા થતા સારવાર અર્થે અમદાવાદ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

મળતી માહિતી મુજબ ઈડર તાલુકા ભાજપ કાર્યકર દિલીપસિંહ કેશરીસિંહ સિસોદીયા તેમની બોલેરો કાર લઈને સામાજીક પ્રસંગમાં હાજરી આપી પરત જઈ રહ્યા હતા ત્યારે હીરામણી કોલેજ નજીક ગરનાળા પાસે પૂરપાટ ઝડપે જઈ રહેલી બોલેરો કારના ચાલકે સ્ટીઅરીંગ પરનો કાબુ ગુમાવતા કાર ધડાકાભેર ગરનાળા પાસે ટકરાઈ હતી.

અકસ્માત એટલો જોરદાર હતો કે કારમાં સવારી કરતા જયશ્રીબેન (રહે. ભૂતાવડ, તા. ભિલોડા) અને દિપીકાબેન (રહે. હાથરવા,તા. વડાલી)નું ઘટના સ્થળે મોત નિપજયું હતું. જયારે ચાલક અને અંદર બેઠેલા દિલીપસિંહને શરીરે ગંભીર ઈજાઓ થવા પામી હતી. ઘટનાની જાણ ૧૦૮ એમ્બ્યુલન્સને કરવામાં આવતા સારવાર અર્થે પ્રાંતિજ ત્યારબાદ વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડવામાં આવ્યા હતાં.

ઘટનાની જાણ પ્રાંતિજ પોલીસ સ્ટેશનને કરાતા પોલીસે નરેન્દ્રસિંહ રહેવર, તા. ઈડરની ફરિયાદના આધારે અકસ્માતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## તક્ષશિલા વિદ્યાલયનો વાર્ષિકોત્સવ

પ્રાંતિજ, તા.૪

શહેરની જીવન પ્રજ્ઞા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત તક્ષશિલા વિદ્યાલયનો વાર્ષિકોત્સવ શેઠ પી.એન્ડ. આર. હાઈસ્કુલના પટાંગણમાં યોજવામાં આવ્યો હતો.

પ્રાંતિજની તક્ષશિલા વિદ્યાલયનો વાર્ષિકોત્સવ ગત ૨ જીના રોજ શેઠ પી.એન્ડ. આર. હાઈસ્કુલના મેદાન ખાતે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે શાળામાં અભ્યાસ કરતા ભુલકાઓથી લઈ માધ્યમિકના વિદ્યાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કર્યા હતા. એક્શન ગીત, લોકનૃત્ય, નાટક, એક પાત્રિય અભિનય, બંગાળી ગીત, શિવજીનો વરઘોડો સહિત સાંસ્કૃતિક કાર્યક્રમો કરી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. એસ.બી. પટેલ નાયબ કલેકટર અરવલ્લી, હર્ષદભાઈ રાવલ જિલ્લા શિક્ષણાધિકારી, મીઠાભાઈ પટેલ, વિનુભાઈ પટેલ, ગામના અગ્રણીઓ, વાલીઓ, શિક્ષકગણ અને શાળા પરિવાર ઉપસ્થિત રહ્યો હતો.

### તલોદની સરકારી હોસ્પિટલના કેમ્પસમાં નિર્માણ પામેલ

# 'બ્લોક હેલ્થ ઓફિસ'ના ભવ્ય મકાનમાં કચેરીના સ્ટાફે પદાર્પણ કરીને શુભારંભ કર્યો

તલોદ, તા.૪

'સામૂહિક આરોગ્ય કેન્દ્ર' તરીકે જાણીતી તલોદની સરકારી હોસ્પિટલના કેમ્પસમાં નિર્માણ પામેલ 'બ્લોક હેલ્થ ઓફિસ'ના ભવ્ય મકાનમાં આજે કચેરીના સ્ટાફે પદાર્પણ કરીને શુભારંભ કર્યો હતો.



(તસવીર : દશરથ વણઝારા, તલોદ)

સાબરકાંઠા જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. મનિષ ફેન્સી અને તાલુકાના આરોગ્ય તંત્રના કર્મચારી બાઈ-બહેનો, આશાવર્કર બહેનો તથા શુભેચ્છકોની ઉપસ્થિતિમાં શ્રી ગાયત્રી હોમ-હવન કરીને બ્લોક હેલ્થ ઓફિસના અધિકારી ડૉ. વિનોદ એમ. મુંગડ અને સ્ટાફે આ નવનિર્મિત બિલ્ડીંગમાં પદાર્પણ કર્યું હતું.

આર.આઈ.ડી.એફ. પ્રોજેક્ટ અંતર્ગત રૂ. ૫૫ લાખ ૫ હજાર ૮૨૯ના માતબર ખર્ચે તૈયાર થવા પામેલી ઈમારતના શુભારંભ અને મંગલ પ્રવેશ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલા જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. મનિષ ફેન્સીએ શુભકામનાઓ પાઠવીને તલોદ નગર વિસ્તાર અને સમગ્ર તલોદ તાલુકાના અંતરિયાળ ગામ સુધી પણ યોગ્ય દાકતરી સેવા પુરી પાડવા અને દરેક કર્મચારી ભાઈ-બહેનોને નિષ્ઠાપૂર્વક ફરજ બજાવવા હાકલ કરી હતી.

તલોદ બ્લોક હેલ્થ ઓફિસનું હાલનું જુનું મકાન ભારે જર્જરિત બની જતાં ફરજ પરના સ્ટાફ, આમ પ્રજા અને રેકર્ડ માટે પણ જોખમી બનવા પામ્યું હતું. જેથી નવા મકાનની કરવામાં આવેલી દરખાસ્ત સંદર્ભે નાબાર્ડ તરફથી રૂ. ૫૫,૦૫,૮૨૯ની માતબર રકમની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી હતી અને જે અન્વયે આ ઈમારતનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

૧૦૦૧ આશા વર્કર બહેનો સમગ્ર તાલુકામાં ફરજ બજાવી રહી છે. આજે બ્લોક હેલ્થ ઓફિસના ઉપરના મજલે બનાવેલા એક સભાખંડમાં આશાવર્ક બહેનોના એક વર્કશોપનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગામડે ગામડેથી બહેનો હાજર રહી હતી. વર્કશોપને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મનિષ ફેન્સીએ સંબોધી હતી અને આશાવર્કર બહેનોને માર્ગદર્શન પુરું પાડયું હતું. તે જ રીતે ડૉ.મુંગડ અને અન્ય ત્રણેક વકતાઓએ પણ આશા વર્કર બહેનોના વર્કશોપ/સંમેલનને સંબોધન કર્યું હતું.

# ઠાસરા મામલતદાર કચેરીમાં વચેટીયાઓનું સામ્રાજય

સેવાલિયા, તા.૪

ઠાસરા મામલતદાર કચેરીમાં વચેટીયાઓએ અડ્ડો જમાવતા ઠાસરા તેમજ ગલતેશ્વર તાલુકામાંથી આવતા લાભાર્થીઓને નકલો, એન્ટ્રી પડાવવી દસ્તાવેજો વગેરે કામ માટે ધરમધક્કા ખાવા પડે છે. વચેટીયાઓ અને તંત્રના મેળાપીણાના કારણે ઠાસરા મામલતદાર કચેરી ભ્રષ્ટાચારનો ગઢ બની ગઈ છે.

ઠાસરા મામલતદાર કચેરીનું કોઈ પણ કામ પૈસા વગર ન થવાનું લાભાર્થીઓ દ્વારા જાણવા મળ્યું હતું. જેમાં સૌથી વધાર ભ્રષ્ટાચાર ઈધરા કેન્દ્રમાં થઈ રહ્યો છે. આ વિભાગમાં કામ કરતા કર્મચારીઓ ૭/૧૨માં એન્ટ્રી પાડવાની હોય તો પણ રીતસર પૈસાની માંગણી કરે છે. જો પૈસા ન અપાય તો તેમની એન્ટ્રી પાડવામાં આવતી નથી તેમજ નકલના રૂ. ૫ને બદલે રૂ. ૧૦ લેવાય છે. જો કોઈ પૈસા આપે તો તેમને લાઈનમાં ઉભા રહેવાની જરુર નથી. સ્ટેમ્પીંગમાં પણ અભણ ખેડૂતોને કોઈ માર્ગદર્શન આપવામાં આવતું નથી. જો કોઈ અભણ ખેડૂત આ બાબતમાં ફરજ ઉપર હાજર કોઈને પુછપરછ કરતાં તેમને જાહેરમાં અપમાનિત કરવામાં આવે છે. જો કોઈ વધારે પૈસા ચૂકવે તો તેમને કોઈ પણ જાતની માહિતી ભર્યા વિના સ્ટેમ્પ મળે છે. રેશનકાર્ડ વિભાગમાં આવી જ હાલત છે. રેશન કાર્ડ નામ સુધારા-વધારા કરવા પૂરતા કાગળ રજુ કરવાના હોય છે. તેમજ રૂ. ૨૦ પાવતિના આપવાના હોય છે તેના બદલે રૂ. ૫૦ વસુલવામાં આવે છે. ઠાસરા મામલતદાર વિભાગમાં કાયદાને અનુસરીને નહિ પરંતુ ફાયદાને અનુસરીને કામ કરવામાં આવે છે.

## પોશીનામાં આશાબહેનોનો આરોગ્ય વિષયક વર્કશોપ યોજાયો

ખેડબ્રહ્મા, તા.૪

સાબરકાંઠા જિલ્લાના આંતરીયાળ વિસ્તાર એવા પોશીના મુકામે સાબરકાંઠા આરોગ્ય વિભાગ અને ખેડબ્રહ્મા તાલુકા કચેરી આયોજીત આશા કાર્યકર બહેનોનો આરોગ્ય વિષયક વર્કશોપ યોજાયો હતો.



આ વર્કશોપમાં જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મનિષ ફેન્સીના માર્ગદર્શન હેઠળ તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. એચ.કે. ગઢવી દ્વારા આરોગ્યની વિવિધ યોજનાઓ વિશેની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી તેમજ આરોગ્યના વિવિધ કાર્યક્રમોમાં આશા કાર્યકરની કેવા પ્રકારની ભૂમિકા હોવી જોઈએ તે વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ડૉ. રાજન કાલરીયા મેડીકલ તથા ડૉ. લાજવંતી મહાવર, તાલુકા વહીવટી અધિકારી એલ.કે. પરમાર તાલુકા આઈ.ઈ.સી. અધિકારી રાજેન્દ્રસિંહ વાઘેલા તથ એસ.વી. ત્રિવેદી અને સ્નેહલબેન મકવાણા સહિત આરોગ્ય પરિવારના સભ્યોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે